**Date :** April 18, 2011

**Publication :** Commodity World

**Edition :** Ahmedabad

**Page :** 06

# રૂપિયામાં ફરી ૪૪ની સપાટી જોવા મળી શકે



## ફોરેક્સ મુવમેન્ટ


**પ્રમીત બ્રહ્મભટ્ટ**

સીઇઓ,
અલ્પારી ફોરેક્સ ઈન્ડિયા


રૂપિયો ગત અઠવાડિયા દરમિયાન ૪૪ની ઊંચી સપાટી પરથી કોન્સ્લોડિટેડ જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારમાં ડોલરની રિકવરીની શરૂઆત અને ભારતમાં બે જાહેર રજાઓને કારણે ટ્રેડિંગ માટે ઓછા દિવસ હોવાથી રૂપિયામાં આ ટ્રેન્ડ જોવા મળ્યો. જેના કારણે તમામ ટ્રેડરો સામાન્ય અઠવાડિયા જેવી પોઝિશન લેવાના મૂડમાં નહોંતા.

અઠવાડિયાના અંત સમયમાં અમેરિકાના નબળા ડેટાઓ અને સોનામાં નવી ઊંચી સપાટી જોવા મળવાને કારણે ડોલરમાં ફરી નરમાઈ જોવા મળી હતી. ગત અઠવાડિયામાં કોન્સોલિડેશન અને રૂપિયામાં મજબૂતી માટેનો નવો ટ્રેન્ડ જોવા મળ્યો.

આગામી અઠવાડિયામાં ધારણા છે કે ડોલર નબળો પડે અને ભારતીય શેરબજારમાં વિદેશી ફંડોનો પ્રવાહ એકધારો વધતો રહે જેને કારણે રૂપિયો વધુ મજબૂત થશે. આપણે ફરી રૂપિયો ૪૪ની સપાટી પર બંધ થતો જોઈ શકીશું. રૂપિયાની ટ્રેડિંગ રેન્જ ૪૪.૧૦થી ૪૪.૪૦ની ગણવી.

વૈશ્વિક બજારમાં યુરો ડેબ્ટ સતત અસર કરશે, પરંતુ યુરો ડોલર ઉપર તેની પહેલાથી જ અસર થઈ ચૂકી છે. બજાર હવે યુરો ક્રાઈસિસથી જાણકાર છે અને ક્રાઈસિસ હવે ટ્રીગર પોઈન્ટ પર પહોંચી છે. આ માટે જ આપણે કોઈ ઘટનાનો મોટો ઝટકો લાગી શકશે નહીં અને યુરો ક્રાઈસિસ અંગે ફરીથી કોઈ સમાચાર આવે તો તે લાંબા સમય સુધી અસર કરનાર નહીં રહે.

અમને આશા છે કે ક્રૂડ તેલ રેન્જ બાઉન્ડ રહેશે અને ફરી ૧૧૦ ડોલરની સપાટી પર આવશે, પરંતુ તેની ડોલર રૂપી મુવમેન્ટ ઉપર કોઈ અસર જોવા નહીં મળે.